# નિષ્ફળ કોંગ્રેસની અસરઃ આપમાં અરાજકતા અને અસ્તિત્વહીન ત્રીજો મોરચો

**- શ્રી અરૂણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા)**

છેલ્લા કેટલાક દિવસોમાં દેશની ઊભરતી રાજકીય પરિસ્થિતિ વિશે અંદરની વાતો જાણવા મળી. ભાજપ માટે રાજકારણમાં ઉજળી તકોને પ્રોત્સાહન મળી રહ્યું હોય તેવું લાગે છે.

સ્વતંત્રતા પછીના ભારતીય રાજકારણમાં કોંગ્રેસ પક્ષનું સત્તામાં વર્ચસ્વ રહ્યું છે. છેલ્લા થોડા વર્ષોમાં શાસક યુપીએ સરકારની કામગીરી અત્યંત અસ્થિર અને બિન પ્રેરણાત્મક રહી છે. બધા જનમત સર્વેક્ષણોમાં એવું માલુમ પડ્યું છે કે નરેન્દ્ર મોદીએ વર્ષ 2014ની સામાન્ય ચૂંટણી સુધીની દોડમાં યુપીએના નેતાઓને લોકપ્રિયતામાં ઘણા પાછળ રાખી દીધા હોય તેવું લાગે છે. કોંગ્રેસ રાજ્યોમાં તેની તાકાત ગુમાવે એવી શક્યતા છે. તે 2009 આંકડો પાર કરે તેવી શક્યતા ઘણી ઓછી છે. ચૂંટણી જેમ જેમ નજીક આવશે તેમ તેમ ભાજપની તરફેણમાં જામેલો જુવાળ વધારે મજબૂત બનશે. અગાઉ જે વિસ્તારોમાં ભાજપની સ્થિતિ મજબૂત નથી તેવા વિસ્તારોમાં ભાજપના મતોમાં વધારો થાય તેવી શક્યતા છે. અગાઉ ભાજપની તાકાત સીમિત હોય એવા રાજ્યો કે જેમાં તામિલનાડુ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ અને આંધ્ર પ્રદેશમાં ભાજપના મતોમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીને લાવવા માટે વધુ મત વિભાજન થવાની શક્તા છે.

ભાજપના પરંપરાગત વિવેચકો અગાઉ કોંગ્રેસને ટેકો આપતા હતા. તેઓએ હવે કોંગ્રેસ પ્રત્યે આશા ગુમાવી દીધી હોય એવું લાગે છે અને તેઓ ભાજપ અથવા મોદીના ટેકામાં આવી શકે છે. આમ આદમી પક્ષ માટે એક સપ્તાહનું રાજકારણ પણ ઘણો લાંબો સમયગાળો છે.

તેનું અસ્વીકાર્ય અને બેજવાબદાર વર્તન જોવા મળ્યાં છે. પોલીસ અધિકારીઓની બદલી ન થાય તો તેઓ પ્રજાસત્તાક દિવસની ઉજવણી આડે અવરોધ સર્જી શકે છે. કોંગ્રેસ પક્ષ એવી મૂંઝવણમાં છે કે આપ પક્ષનો સામનો કેવી રીતે કરવો. આપ પક્ષ હડતાળ માટે તૈયાર હતો, પરંતુ આખરે તે પક્ષે કોંગ્રેસની સમાધાનકારી ફોરમ્યુલાનો સ્વીકાર કર્યો. આપ પક્ષનું બેજવાબદાર વર્તન અને કોંગ્રેસના આત્મસમર્પણથી સરકાર ટકી, જે સ્થિર સરકારની માટે જરૂરિયાત પર ભાર મૂકે છે.

વર્તમાન વલણો સૂચવે છે કે લોકસભાની આગામી ચૂંટણીમાં ત્રણ આંકડા સુધી પહોંચનાર માત્ર એક જ પક્ષ હશે. બાકીના પક્ષોને મળનારા મતો વચ્ચે ઘણો મોટા તફાવત રહેવાની શક્યતા છે. તો પછી ક્યો પક્ષ સરકાર રચે એવી શક્યતા છે ? જેનો જવાબ મતદારોની પસંદગી માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભારતને વિવિધ પક્ષોના જૂથો ધરાવતી સરકાર પરવડે તેમ છે ખરી? ભારતને જવાબદાર શાસનની જરૂર છે કે જે રાજકીય સ્થિરતા લાવે અને આર્થિક વિકાસ લાવે. મૂડીરોકાણ ચક્રને ફરી કાર્યરત કરે એવી સરકારની જરૂર છે. આ તમામ બાબતો સૌથી વધુ બેઠકો મેળવનાર પક્ષને ફાયદો કરાવશે. નિષ્ફળ કોંગ્રેસની અસરઃ આપમાં અરાજકતા અને અસ્તિત્વહીન ત્રીજો મોરચો છે. તે બધા પરિબળો ભાજપ અને મોદીને આગળ આવવામાં મદદરૂપ થશે.